# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06/02/2026** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે “પરીક્ષા પે ચર્ચા” કાર્યક્રમમાં દેશભરના વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરશે.**
2. **કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે નવી દિલ્હીથી દેશની પહેલી સહકારી ક્ષેત્ર આધારિત “ભારત ટૅક્સી”નો શુભારંભ કરાવ્યો.**
3. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખેડામાં નવનિર્મિત ફાગવેલના તાલુકા સેવા સદનનું નિર્માણ એક જ વર્ષમાં પૂર્ણ કરવાની જાહેરાત કરી.**
4. **રાજ્ય સરકારે ખરીદેલા 14 M.R.I. યંત્ર GMERS અને સિવિલ હૉસ્પિટલમાં મુકાશે.**
5. **રાજ્યનાં ખેલાડી જીલ ડુવાએ દિલ્હીમાં રમાયેલી રાષ્ટ્રીયકક્ષાની કુસ્તી સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો.**

--------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# PM PARIKSHA PE CHARCHA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે “પરીક્ષા પે ચર્ચા” કાર્યક્રમની નવમી આવૃત્તિમાં દેશભરના વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરશે. આ વાર્ષિક કાર્યક્રમ આજે સવારે 10 વાગ્યે વિવિધ પ્લેટફૉર્મ પર પ્રસારિત કરાશે.

આ ચર્ચાનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને પરીક્ષામાં તણાવમુક્ત રહેવામાં મદદ કરવી અને એકાગ્રતા સાથે શીખવાની વૃત્તિને પ્રોત્સાહિત કરવાનો છે.

“પરીક્ષા પે ચર્ચા” કાર્યક્રમમાં **MyGov** પૉર્ટલ દ્વારા નોંધણી કરાવનારા ચાર કરોડ 50 લાખથી વધુ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ ભાગ લઈ રહ્યા છે. દિલ્હી ઉપરાંત, આ આવૃત્તિમાં તમિળનાડુના કોઈમ્બતુર, છત્તીસગઢના રાયપુર, ગુજરાતના દેવમોગરા અને આસામના ગુવાહાટીને આવરી લેવાશે.

આ કાર્યક્રમ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની યુ-ટ્યૂબ ચેનલ, દૂરદર્શન અને શિક્ષણ મંત્રાલયના સોશિયલ મીડિયા સહિત અનેક પ્લેટફૉર્મ પર પ્રસારિત થશે.

# REV SHAH BHARAT TAXI

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે ગઈકાલે નવી દિલ્હીમાં દેશની પહેલી સહકારિતા આધારિત રાઇડ હેલિન્ગ પ્લેટફૉર્મ, “ભારત ટૅક્સી”નો ઔપચારિક શુભારંભ કરાવ્યો.

આ પ્રસંગે શ્રી શાહે કહ્યું, સહકાર ક્ષેત્ર ટૅક્સી સેવાના ચાલકોને ટેકો આપશે. તે ચાલકોની કમાણી વધારશે અને તેમના જીવનમાં સમૃદ્ધિ લાવશે. સરકાર ભારત

ટૅક્સીચાલકો દ્વારા કમાયેલા ભાડા પર કોઈ કમિશન નહીં લે તેમ પણ શ્રી શાહે ઉંમેર્યું.

**(BYTE: AMIT SHAH, UNION MINISTER)**

"ભારત ટૅક્સી" એ બહુરાજ્ય સહકાર સોસાયટી અધિનિયમ 2002 હેઠળ નોંધાયેલી છે. તે પ્લેટફૉર્મ શૂન્ય-કમિશન અને સર્જ-ફ્રી મૂલ્ય મૉડલ પર કામ કરે છે. તેમાં ચાલકોને સીધો જ તેનો લાભ અપાય છે. આ વિદેશી રોકાણ આધારિત ઍગ્રિગેટર પ્લેટફૉર્મનો એક સ્વદેશી વિકલ્પ રજૂ કરે છે.

## VAGHANI ON BHARAT TAXI

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી જિતુ વાઘાણીએ દેશની પહેલી સહકારી કૅબ સેવા ભારત ટૅક્સીના પ્રારંભને ઐતિહાસિક ગણાવતા અભિનંદન પાઠવ્યા છે. તેમણે કહ્યું, 'સહકાર થી સમૃદ્ધિ'ના સંકલ્પને સાકાર કરવામાં આ સેવા એક સીમાચિહ્ન સાબિત થશે.

આ મોડેલની સૌથી મોટી વિશેષતા એ છે કે, તેમાં ડ્રાઈવરોનું શોષણ અટકશે. ખાનગી ઍપ્લિકેશન્સમાં ડ્રાઈવરોએ કમાણીનો મોટો હિસ્સો કમિશન પેટે આપવો પડતો હોય છે, જ્યારે અહીં સહકારી માળખાને કારણે ડ્રાઈવરોના હિતોનું રક્ષણ થશે અને તેમની આર્થિક સ્થિતિ મજબૂત બનશે તેમ પણ શ્રી વાઘાણીએ ઉંમેર્યું.

# CM FAGVEL JAHERAT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે ખેડા જિલ્લાના ફાગવેલ ખાતે અંદાજે 348 કરોડ રૂપિયાના 31 વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે તેમણે નવનિર્મિત ફાગવેલ તાલુકાના વહીવટને વેગ આપવા અત્યાધુનિક તાલુકા સેવા સદનનું નિર્માણ એક જ વર્ષમાં પૂર્ણ કરાશે તેવી જાહેરાત કરી.

ફાગવેલને શૌર્ય અને શ્રદ્ધાની પવિત્ર ધરતી ગણાવતા મુખ્યમંત્રીએ કહ્યું, વર્ષ 2002માં તત્કાલિન મુખ્યમંત્રી અને વર્તમાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરવા ગુજરાત ગૌરવ યાત્રાનો પણ અહીંથી જ પ્રારંભ કરાવ્યો હતો. આજે આ વિકાસ યાત્રા વિશ્વકક્ષાએ પહોંચી છે.

# RS MP MAYANK NAYAK

સાંસદ મયંક નાયકે ઔદ્યોગિક ક્ષેત્રે રોજગારી નિર્માણ અંગે રાજ્યસભામાં રજૂઆત કરી. તેમણે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ – IIM અને ભારતીય ટેક્નોલૉજી સંસ્થા - IIT જેવી સંસ્થાઓમાં માત્ર નોકરી શોધનારા નહીં, પણ નોકરી આપનારા વિદ્યાર્થીઓ તૈયાર કરવા પર ભાર આપ્યો.

તેમણે વિદ્યાર્થીઓને ઉદ્યોગ અને સ્ટાર્ટઅપ અંગે સમજ આપતા અભ્યાસક્રમ શરૂ કરવા અંગે પણ ગૃહમાં રજૂઆત કરી હતી.

**(BYTE: MAYANK NAYAK, RAJYASABHA MP)**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

....................................

## MRI IN HOSPITAL

રાજ્ય સરકાર દ્વારા અંદાજે 178 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે 14 જેટલા અદ્યતન મેગ્નેટિક રેઝોનન્સ ઇમેજિંગ – **MRI** યંત્રની ખરીદી કરવામાં આવી છે. આ તમામ યંત્ર રાજ્ય સરકાર સંચાલિત ગુજરાત આરોગ્ય શિક્ષણ અને સંશોધન મંડળ – **GMERS** અને સિવિલ હૉસ્પિટલમાં ઉપલબ્ધ કરાવાશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું કે, આ સુવિધા થકી વિવિધ બીમારીઓનું સચોટ નિદાન શક્ય બનશે.

સામાન્ય નાગરિકને ઘરથી શક્ત તેટલી નજીકમાં આધુનિક આરોગ્ય સારવાર મળે તે માટે સરકાર કોઈ કસર નહીં છોડે તેવી પણ તેમણે ખાતરી આપી.

# IIT GNR AI COMMAND CENTRE

ભારતીય ટેક્નોલૉજી સંસ્થા – IIT ગાંધીનગરમાં ડેટા ડ્રિવન ક્લાયમૅટ-રિસ્ક મૅનેજમેન્ટ માટે કૃત્રિમ બુદ્ધિમત્તા – A.I. સ્થિતિસ્થાપકતા અને આદેશ કેન્દ્રનું ઉદ્ઘાટન કરાયું.

આ કેન્દ્ર પૂર આવે તે સમયની સ્થિતિનું આકલન, દ્રશ્ય વિશ્લેષણ અને નિર્ણય સમર્થન આપવા ભૌતિકશાસ્ત્ર સુસંગત મોડેલિંગ અને A.I.નો ઉપયોગ કરશે.

IIT ગાંધીનગર રિસર્ચ પાર્ક ખાતે સ્થિત ARC કેન્દ્ર ડિઝાસ્ટર રિસ્પૉન્સ એટલે કે, આપત્તિ પ્રતિભાવથી ઍન્ટિસિપેટરી – પૂર્વાનુમાનિત, ડેટા ડ્રિવન ક્લાયમૅટ અને રિસ્ક મૅનેજમેન્ટ તરફના પરિવર્તનને દર્શાવે છે.

# SURAT BHARAT RANG MAHOTSAV

સુરતમાં વિશ્વના સૌથી મોટા આંતર-રાષ્ટ્રીય થિએટર ફેસ્ટિવલ 25મા ભારત રંગ મહોત્સવનો પ્રારંભ થયો. બહુભાષી થિએટર ઍક્સ્ટાવેગેન્ઝાની શરૂઆત સ્વપ્નિલ બારસ્કર દ્વારા લિખિત "માધુરી દિક્ષિત" નાટક સાથે થઈ.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર, જીવનભારતી મંડળ અને સુરત પર્ફોર્મિંગ આર્ટિસ્ટ એસોસિએશનના સહયોગથી આઠ ફેબ્રુઆરી સુધી આ મહોત્સવ યોજાશે.

# ASSAM STUDENT

ગાંધીનગર વિધાનસભા પરિસરમાં યોજાયેલા “યુથ ઈમર્સન” કાર્યક્રમમાં આસામ વિધાનસભાના અધ્યક્ષ બિશ્વજિત દાઇમારી અને આસામના કેટલાક વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા.

તેમણે ગુજરાતનાં વિધાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. દરમિયાન શ્રી દાઈમારીએ કહ્યું કે – ગુજરાતની જેમ આસામ પણ ડેરી ક્ષેત્રે આગળ વધી રહ્યું છે.

બાઇટ - આસામ વિધાનસભાના અધ્યક્ષ બિશ્વજિત દાઇમારી

# GAGDIYA RIVER

અમરેલીમાં રાજ્ય સરકાર અને સામાજિક સંસ્થાના પ્રયાસથી 54 કિલોમીટર લાંબી ગાગડિયા નદીનું નવસર્જન કરાયું. નદી હવે સરેરાશ ૨૦ ફૂટ ઊંડી અને ૩૦૦ ફૂટ સુધી પહોળી બની છે.

નદી પર ૧૬૦થી વધુ ચેક ડેમના નિર્માણથી જળસંગ્રહ ક્ષમતા વધતા સાથે જમીનની ફળદ્રુપતામાં નોંધપાત્ર વધારો થયો હોવાનું લાઠીના પ્રાંત અધિકારી નીરવ બ્રહ્મભટ્ટે જણાવ્યું

બાઇટ: **NIRAV BRAHMABHATT, PROVINCIAL OFFICER, LATHI-AMRELI**

# GUJARAT PLAYER MEDAL

રાજ્યનાં ખેલાડી જીલ ડુવાએ દિલ્હીમાં રમાયેલી રાષ્ટ્રીયકક્ષાની કુસ્તી સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે.

ગુજરાત રમતગમત સત્તામંડળે સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું કે, દિલ્હીમાં તાજેતરમાં 69-મી ભારતીય શાળા રમતગમત મહામંડળની રાષ્ટ્રીય કક્ષાની કુસ્તી સ્પર્ધા યોજાઈ. તેમાં 14 વર્ષથી ઓછા વય વર્ગમાં 36 કિલોની શ્રેણીમાં જિલ્લાકક્ષાની રમતગમત શાળા – **DLSS** યોજના અંતર્ગત તાલીમ લેતાં જીલ ડુવાએ કાંસ્ય ચંદ્રક જીત્યો છે.

બીજી તરફ, રાષ્ટ્રીય કક્ષાની જુડો સ્પર્ધામાં રાજ્યનાં ધ્રુવી ચૌધરીએ સુવર્ણ ચંદ્રક જીત્યો છે. તેમણે 19 વર્ષથી ઓછા વય વર્ગમાં 52 કિલો શ્રેણીમાં ઇનસ્કૂલ યોજનાનાં તાલિમાર્થી ધ્રુવી ચૌધરીએ આ સિદ્ધિ મેળવી છે.

# WPL FINAL MATCH

મહિલાઓની પ્રીમિયર લીગ – ટી-20 ક્રિકેટની ફાઈનલ મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુનો વિજય થયો છે.

ગઈકાલે વડોદરામાં રમાયેલી મેચમાં દિલ્હી કૅપિટલ્સની ટીમે પહેલા બેટિંગ કરી નિર્ધારિત 20 ઑવરમાં ચાર વિકેટ ગુમાવી 203 રન કર્યા હતા. જવાબમાં બેંગ્લુરુની ટીમે 19 ઑવર ચાર બોલમાં ચાર વિકેટ ગુમાવી 204 રન કરી ખિતાબ જીતી લીધો.

મેચ બાદ બેંગ્લુરુની ટીમનાં સુકાની સ્મૃતિ મંધાનાને પ્લેયર ઑફ ધ મેચ અને ગુજરાત જાયન્ટ્સનાં ખેલાડી સોફી ડિવાઈનને પ્લેયર ઑફ ધ સિરીઝ જાહેર કરાયાં હતાં.

## U19-CRICKET FINAL

ICC અંડર-19 વન-ડે ક્રિકેટની, ફાઇનલ મેચ આજે ભારત અને ઈંગ્લેંડ વચ્ચે રમાશે. ઝિમ્બાબ્વેના હરારે સ્ટેડિયમમાં બપોરે એક વાગ્યે મેચ શરૂ થશે. સેમિફાઇનલમાં ભારત અફઘાનિસ્તાનને અને ઇંગ્લેન્ડ ઓસ્ટ્રેલિયાને હરાવીને ફાઇનલમાં પહોંચ્યું છે. ભારતીય ટીમ અત્યાર સુધી આ સ્પર્ધામાં અજેય રહી છે.

-----------------------------------------------------